જિનશાસનના અણગાર, શાસનના શણગાર સંયમી વિદ્વાન ગીતાર્થ ગુરુભગવંતોના ચરણોમાં અનંતશઃ વંદનાવલી.

જિનાજ્ઞા સમારાધક શ્રેષ્ઠિવર્યશ્રી, પંડિતવર્યશ્રી, વિધિકારકશ્રી આદિને પ્રણામ.

જ્ઞાની ગુરુભગવંતો પૂર્વાચાર્યો દ્વારા રચાયેલા પ્રકરણ ગ્રંથોનો સ્વાધ્યાય નિયમિત રૂપે કરતાં હોય છે. અને સાથે-સાથે આગમ અને બીજા શાસ્ત્રગ્રંથો તેમજ ટીકા-વિવેચન વગેરેનો અભ્યાસ પણ પોતાના ક્ષયોપક્ષમ અને રૂચિ અનુસાર કરતાં હોય છે. સાથે-સાથે સ્રાંપત પ્રવાહથી માહિતગાર થવા માટે તેમજ લોકોપયોગી માહિતી અને પ્રવચન માટે ઉપયોગી બને તેવું જુદી જુદી ભાષામાં લખાયેલ જૈન અને જૈનેતર સાહિત્યનું વાંચન પણ કરતાં હોય છે... બીજા ધર્મોમાં રહેલ પદાર્થો અને ભક્તિ / વૈરાગ્યસૂચક ગ્રંથો પણ વાંચન માટે ઉપયોગમાં લેતાં હોય છે. આપણા જૈન જ્ઞાનભંડારમાં આવા પ્રવચન માટે ઉપયોગી પુસ્તકો ખૂબ જ જુજ જ્ઞાનભંડારોમાં મળતાં હોય છે. તેથી ગુરુભગવંતો પ્રવચન માટે ઉપયોગી, બેસ્ટ સેલર લેખકોના બેસ્ટ સેલર પુસ્તકો ખરીદાવીને પણ અવારનવાર મંગાવતા હોય છે. તેમજ વાંચન બાદ જે તે સંઘના જ્ઞાનભંડારમાં જમા કરાવતા હોય છે. પરંતુ, જ્ઞાનખાતેથી કે વ્યક્તિગત ખરીદેલા આવા સુંદર ઉપયોગી પુસ્તકો દેશભરમાં રહેલ જુદા જુદા સંઘોના ૫૦૦થી વધુ જ્ઞાનભંડારો કે શ્રીસંઘના ઉપાશ્રયમાં છુટક છુટક નકલો હોવાથી કોઇને પણ બહુ ઉપયોગમાં આવતા નથી અને તેના લીધે ખર્ચેલા પૈસાનું પુરેપુરુ વળતર પણ મળતું નથી. તથા કાળક્રમે તે પુસ્તકો ભુલાઇ જાય છે. આવા જૈન અને જૈનેતર લેખકોનું સાહિત્ય માર્ગાનુસારી તેમજ વિશિષ્ટ વિષયોના પુસ્તક ગુરુભગવંતો વાંચન બાદ સીલેક્ટેડ જ્ઞાનભંડારોમાં જમા કરાવે તો બીજા ગુરભગવંતોના પણ ઉપયોગમાં આવી શકે. સૌથી વધુ ઉપયોગમાં આવતા જ્ઞાનભંડાર કે જેમાં સંગ્રહિત Quantity કરતાં તેમના દ્વારા Issue થતાં પુસ્તકો Rotatiowise વધારે હોય, તેવા Reader Friendly જ્ઞાનભંડારોને લક્ષ્યમાં રાખીને મુંબઇ, સુરત, અમદાવાદમાં રહેલ બે-ત્રણ જ્ઞાનભંડાર પૈકી કોઇપણ એક જ્ઞાનભંડારમાં વધારાના પુસ્તકો જમા કરાવે તો એક જ વખત ખરીદેલું પુસ્તકનો Multiple ઉપયોગ થઇ શકે છે.

જ્ઞાનભંડારના સંચાલકે પણ આવા પુસ્તરોની યાદી શક્ય હોય તો તેને વિષય અથવા તો લેખક/સંપાદક પ્રમાણે બનાવીને પોતાના જ્ઞાનભંડારમાં રાખવા જોઇએ. અમોએ ગત વર્ષે જુદી જુદી સંસ્થાઓનો ડેટા મંગાવેલ તે મુજબ અમોને સુરતમાં શ્રી ૐકારસૂરિજી જ્ઞાનભંડાર અને ઉમરા જૈન સંઘ યોગ્ય લાગેલ તે જ રીતે અમદાવાદમાં શ્રી કૈલાસસાગરસૂરિજી જ્ઞાનમંદિર - કોબા અને શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર - સાબરમતીની ભલામણ કરીએ છીએ, તે જ રીતે મુંબઇમાં શ્રી ગોવાલિયા ટેંક જૈન સંઘ જ્ઞાનભંડાર તેમજ શ્રી ઇરલા જૈન સંઘ ખૂબ જ સક્રિય છે તો પૂજ્યો તરફથી માર્ગદર્શન આવકાર્ય છે.

લી. સકળ શ્રી સંઘ ચરણસેવક
શાહ બાબુલાલ સરેમલ બેડાવાલા

" दासोऽहं सर्व साधूनाम् "

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૪ - ૨૦૭૫

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૧ | ભુવનભાનુ કેવલી ચરિતમ્ | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | સં. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૨ | દાન પ્રકાશ | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | સં./ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૩ | જ્ઞાનવિમલ સાહિત્ય સંગ્રહ | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૪ | આચારાંગ સૂત્ર (મૂળ)-ભા-૧,૨ | સા. જ્ઞાનરસાશ્રીજી | પ્રા. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૫ | દેવવંદન માળા | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૬ | શ્રી જયતિહુઅણ સ્તોત્રમ્ | પૂ. ધર્મતિલકવિજયજી | પ્રા./ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૭ | ચૈત્રી પૂનમ દેવવંદન માળા | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૮ | જય શેત્રુંજય | આ. મુક્તિપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૯ | શ્રેયઃપદ્મસુવાસ સ્વા. સેટ ભા-૧ થી ૧૨ | સા. મયણાશ્રીજી | સં./ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૦ | બાળ રામાયણ | શ્રી જયકીર્તિ | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૧ | બાળ રામાયણ | શ્રી જયકીર્તિ | હિં. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૨ | હુ તો માંગુ સમ્યગ્ દર્શન-૧ | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૩ | અધ્યાત્મઉપનિષદ્ (૧૧ અધ્યાત્મ ગ્રંથ સાર) | પૂ. આત્મદર્શનવિજયજી | સં./ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૪ | પરમ આર્હત પંડિત ધનપાલ | આ. રત્નસંચયસૂરિજી | હિં. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૧૫ | સૂક્ષ્માક્ષરી ૪૫ આગમ | આ. નયચંદ્રસાગરસૂરિજી | પ્રા. | પૂર્ણાનંદ પ્રકાશન |
| ૧૬ | શ્રી રત્નાકર સ્વાધ્યાય | આ. રત્નસંચયસૂરિજી | સં. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૧૭ | જ્ઞાન પંચમી પર્વ | પૂ. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૮ | પ્રશ્ન પધ્ધતિ | પૂ. ધર્મતિલકવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૧૯ | જૈન કહો ક્યું હોવે | આ. શ્રેયાંસપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૦ | આત્માને ઓળખો | આ. શ્રેયાંસપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૧ | આત્મા | આ. શ્રેયાંસપ્રભસૂરિજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૨૨ | બત્રીસીના સથવારે કલ્યાણની પગથારે ભા-૧૦ | આ. અભયશેખરસૂરિજી | ગુજ. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૨૩ | વિચાર સેતુ (કલ્પસૂત્ર ચિંતન) | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૪ | વાસંતી વાયરા | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૫ | આનંદનું એવરેસ્ટ | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૬ | મહેંક માર્ગનુંસારિતાની | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૭ | સૂર્યોદયનું સૌંદર્ય | આ. વિજયરાજરત્નસૂરિજી | ગુજ. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૮ | સૂર્યોદયસૂરિવરં પ્રણૌમી | આ. વિજયરાજરત્નસૂરિજી | સં. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| ૨૯ | Entity of Supremacy | આ. વિજયરાજરત્નસૂરિજી | અં. | ધર્મકૃપા ટ્રસ્ટ |
| 30 | જ્ઞાનસાર ભાગ-૪ | આ. રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન. શ્વે. મૂ. સંઘ |
| 3૧ | નવતત્ત્વ ભાગ-૧ (જીવ તત્ત્વ) | આ. રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન. શ્વે. મૂ. સંઘ |
| 3૨ | નવતત્ત્વ ભાગ-૨ (અજીવ તત્ત્વ) | આ. રવિશેખરસૂરિજી | ગુજ. | ઝાલાવાડ જૈન. શ્વે. મૂ. સંઘ |
| 33 | ચંપકમાલા મહાસતી ની કથા | આ. રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| 3૪ | ચંપકમાલા મહાસતી કી કથા | આ. રત્નસંચયસૂરિજી | હિં. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |

# નૂતન પ્રકાશન સંવત - ૨૦૭૪ - ૨૦૭૫

| ક્રમ | પુસ્તકનુ નામ | કર્તા /સંપાદક | ભાષા | પ્રકાશક |
|---|---|---|---|---|
| ૩૫ | વિવિધ વિષય વિચારમાળા વિષયાનુક્રમણિકા | આ. રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૩૬ | મહો. યશોવિજયજી કૃત સંયમ બત્રીસી | આ. રત્નસંચયસૂરિજી | ગુજ. | રંજનવિજયજી જૈન પુસ્તકાલય |
| ૩૭ | આહાર શુદ્ધિ | આ. રાજેન્દ્રસૂરિજી | હિં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |
| ૩૮ | સદ્બોધ સુધા | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | શા. અંબાલાલ રતનચંદ |
| ૩૯ | સાત્ત્વિકતાનો તેજ સિતારો-સંક્ષેપ | આ. હેમચંદ્રસૂરિજી | ગુજ. | શા. અંબાલાલ રતનચંદ |
| ૪૦ | ધર્મલાભ સાથે જણાવવાનું કે - ભા-૧ | આ. મુક્તિપ્રભસૂરિજી | ગુજ. | મુક્તિચંદ્રસૂરિજી સ્મૃતિ ગ્રંથમાળા |
| ૪૧ | અનુંવદના સાથે જણાવવાનું કે - ભા-૧ | આ. મુક્તિપ્રભસૂરિજી | ગુજ. | મુક્તિચંદ્રસૂરિજી સ્મૃતિ ગ્રંથમાળા |
| ૪૨ | હિતપાથેય ભા-૧,૨ | પં. સમ્યગ્દર્શનવિજયજી | ગુજ. | સ્મૃતિમંદિર પ્રકાશન ટ્રસ્ટ |
| ૪૩ | હું પ્રભુજી નહીં જાઉં નરક મોઝાર (બીજી આવૃત્તિ) | ગણિ. વિમલપ્રભવિજયજી | ગુજ. | કલ્પેશભાઇ આર. મહેતા |
| ૪૪ | શ્રમણ જ્ઞાન કૌશલ વૃધ્ધિ અભિયાન | પૂ. દીપરત્નસાગરજી | ગુજ. | ------- |
| ૪૫ | શ્રી મુનિસુવ્રતપ્રભુ જીવન દર્શન | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૬ | જીવવિચાર યાને જૈનશાસનનું જીવવિજ્ઞાન (સચિત્ર) | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૭ | જ્ઞાનવૃક્ષ (સચિત્ર) | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૮ | સ્તવન સાહિત્ય માળા ભાગ-૧,૨ (ચોવીશી સંગ્રહ) | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૪૯ | પંચલિંગી પ્રકરણ ભાગ-૧ થી ૮ | પૂ. મનિતપ્રભસાગરજી | હિં. | જિનકાન્તિસાગરસૂરિજી ટ્રસ્ટ |
| ૫૦ | આત્માનું આરોગ્ય | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૧ | નવા યુગનો વાંદરો | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૨ | મજા જ મજા | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૩ | પરીક્ષામાં પાસ | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૪ | મહાન કોણ ? | આ. યોગતિલકસૂરિજી | ગુજ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૫ | નયે યુગ કા બંદર | આ. યોગતિલકસૂરિજી | હિ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૬ | મજા હી મજા | આ. યોગતિલકસૂરિજી | હિં. | અધ્યાત્મ પરિવાર |
| ૫૭ | ઇમ્તિહાન મે ઉત્તીર્ણ | આ. યોગતિલકસૂરિજી | હિ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૮ | મહાન કૌન ? | આ. યોગતિલકસૂરિજી | હિ. | અધ્યાત્મ પરિવાર |
| ૫૯ | આધુનિક : વાનર : | આ. યોગતિલકસૂરિજી | સં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૦ | આનન્દઃ એવં આનન્દઃ | આ. યોગતિલકસૂરિજી | સં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૧ | પરિયામ્ ઉત્તીર્ણતા | આ. યોગતિલકસૂરિજી | સં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૨ | કઃ શ્રેષ્ઠતમઃ | આ. યોગતિલકસૂરિજી | સં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૩ | 21 st Centure Monkey | આ. યોગતિલકસૂરિજી | અં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૪ | The Fantacy for Joy | આ. યોગતિલકસૂરિજી | અં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૫ | The Wisest Digit | આ. યોગતિલકસૂરિજી | અં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૬ | The IQ Test | આ. યોગતિલકસૂરિજી | અં. | અધ્યાત્મ પરિવાર |
| ૬૭ | My Family Happy Family | પૂ. પુણ્યનિધાનવિજયજી | અં. | જીવમૈત્રી પરિવાર |
| ૬૮ | Eat Right Live Bright | આ. રાજેન્દ્રસૂરિજી | અં. | દિવ્યદર્શન ટ્રસ્ટ |

# શ્રુતવિશ્વમાં નવલું નઝરાણું PRIYAM'S

પ્રિયમ ના બહુજન પ્રિય લોકોપયોગી વિવિધ વિષયોના ૩૦ પુસ્તકોની યાદી અંક-૪૨ માં અને ૧૮ પુસ્તકોની યાદી અંક-૪૫ માં પ્રકાશિત કરી હતી.
તે પછીની યાદી અહીં પ્રસ્તુત છે. અહો શ્રુતજ્ઞાનમ્ દ્વારા પ્રકાશિત નૂતન ડીજીટલ પુસ્તકોનો લાભ આપવા માટે પૂજ્ય સંયમી ભગવંતોએ પત્ર મોકલવા વિનંતી છે, જેથી અમો ચોક્કસપણે પુસ્તક પાઠવી શકીએ અને વિસ્મૃતિ ન થાય

| ક્રમ | પુસ્તકનુ નામ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | આચારની અંજલિ | આચાર પુરુષ સૂરિપ્રેમના ગુણગાન | ૩૨ |
| ૨ | અંતરની અંજલિ | વિવિધ વિષયક અંતરની વાતો | ૭૨ |
| ૩ | જૈન 31 St | સભાનતાની સરહદમાં સ્વાગત | ૧૬ |
| ૪ | Dream જિનશાસન | જિનશાસન માટેના પાંચ સ્વપ્નો | ૨૮ |
| ૫ | સ્પીરીચ્યુઅલ કોર્સ | જીવનમાં તાજગી લાવવા માટે | ૮૮ |
| ૬ | આર્ષ વિશ્વ (ગુજ., હિં.) | પ્રબુદ્ધ વાચકો માટે ઉપહાર | ૫૬ |
| ૭ | વિનય | ઉત્તરાધ્યયન પ્રથમ અધ્યયનના પ્રવચન | ૧૦૮ |
| ૮ | ડ્રોપ | સ્કુલનું એક વર્ષનું ડ્રોપ - રૂપરેખા | ૨૦ |
| ૯ | ગુરુ બનતા પહેલા | માત્ર ગુરુ બનતા સંયમી ભગવંતો માટે | ૨૪ |
| ૧૦ | પાલીતાણા સોલ્યુશન | ગિરિરાજ માટે કરવા જેવું કામ | ૩૬ |
| ૧૧ | આદર્શની અંજલિ | જીવન ઉપયોગી આદર્શોનો ઉપહાર | ૪૮ |
| ૧૨ | જ્ઞાનની અંજલિ | વિવિધ વિષયક લેખો | ૭૨ |
| ૧૩ | જ્ઞાન સ્વામિવાત્સલ્ય | પેઇન્ટીંગ ગ્રુપ દ્વારા કરવા યોગ્ય કાર્ય | ૩૨ |
| ૧૪ | ધ્યાન | ધ્યાન શિબિર પ્રવચનો પ્રેક્ટીકલ આત્મધ્યાન | ૮૮ |
| ૧૫ | ડિવાઇન કોર્સ | શાસ્ત્રોના દોહન સ્વરૂપ ડિવાઇન એજ્યુકેશન | ૩૬ |
| ૧૬ | પ્રેક્ટીકલ કોર્સ | શાસ્ત્રોના દોહન સ્વરૂપ પ્રેક્ટીકલ એજ્યુકેશન | ૯૨ |
| ૧૭ | સંયમ-સંવાદ | સંયમની શુધ્ધિ અને વૃધ્ધિ માટે વચન વિનિમય | ૩૬ |
| ૧૮ | ઉજાસ ની અંજલિ | વિવિધ વિષયક લેખો | ૭૨ |
| ૧૯ | ધ સર્જરી ઓફ પેરન્ટીંગ | જેઓ પોતાના સંતાનને ગુમાવવા માંગતા નથી | ૪૪ |
| ૨૦ | વૈરાગ્ય | પરમ તરફ પા પા પગલી | ૮૦ |
| ૨૧ | દીક્ષા પહેલા | મુમુક્ષુ અને પરિવારને માર્ગદર્શન | ૬૦ |
| ૨૨ | ડાન્સ ગાઇડ | તહેવારોને ઉજવવા માટે માર્ગદર્શન | ૩૨ |
| ૨૩ | વર્લ્ડ ટુડે (ગુજ., હિન્દી) | આજની દુનિયા | ૧૬ |
| ૨૪ | વર્ષીતપ કી રહસ્ય યાત્રા (હિન્દી) | પરમાત્મા કે ૧૩ વર્ષીતપ | ૩૨ |
| ૨૫ | રાત કો ખાને સે પહેલે (હિન્દી) | સ્વસ્થ રહેવા માટે | ૩૨ |
| ૨૬ | Meditation (અંગ્રેજી) | પ્રેક્ટીકલ ધ્યાન | ૩૨ |
| ૨૭ | Jain Organisation (અંગ્રેજી) | સંસ્થાના મેનેજમેન્ટ માટે | ૩૨ |
| ૨૮ | Before You Get Engagged (અંગ્રેજી) | સગાઇ કરતાં પહેલા | ૩૨ |

# સરસ્વતી પુત્રોને વંદના

નિમ્નલિખિત ગ્રંથોના સંશોધન-સંપાદનનું કાર્ય ચાલુ છે.
ટૂંક સમયમાં પ્રકાશિત થશે.

### પૂ.આ.શ્રી કલાપૂર્ણસૂરિજી સમુદાયના પૂ.આ.શ્રી તીર્થભદ્રસૂરિજી મ.સા.

(૧) ઉપમિતિ ભવપ્રપંચ કથા - મુનિ જિનહર્ષજીની અપ્રકાશિત રાસમય રચના - ભાવાનુવાદ સાથે
(૨) શ્રી શાંતિનાથ ચરિત્ર મહાકાવ્ય - ૪૦૦૦ થી અધિક શ્લોકમય ગ્રંથનું પ્રથમવાર સંપાદન - સંસ્કૃત
(૩) રાગોપનિષદ્ (હિન્દી) - પૂર્વાચાર્યો દ્વારા રચિત વિવિધ રાગમાળાઓનો સંગ્રહ

### પૂ.આ.શ્રી રામચંદ્રસૂરિજી સમુદાયના પૂ.આ.શ્રી શ્રેયાંસપ્રભસૂરિજી મ.સા.

(૧) નરવર્મ ચરિત્ર - કર્તા - વિવેકસમુદ્ર ઉપાધ્યાય
(૨) સિરિ જ્ઞાનપ્રકાશ - કર્તા શ્રી જિનપ્રભાચાર્ય
(૩) ગુર્જર ગ્રંથ સંગ્રહ - પૂર્વાચાર્ય
(૪) ભુવનભાનુ કેવલી ચરિત્રમ્ - કર્તા - અજ્ઞાત
(૫) કામદેવ ચરિત્ર - કર્તા - શ્રી મેરૂતુંગસૂરિજી
(૬) શ્રી હરિભદ્ર ચરિતમ્
(૭) શ્રી પંચાંશત્ પન્ચાશિકા (નવસર્જન)
(૮) શ્રી સપ્તવિંશતિ સપ્તવિંશિકા (નવસર્જન)
(૯) શ્રી પંચાશદષ્ટકાનિ (નવસર્જન)
(૧૦) સુભાષિત સરલતા (નવસર્જન)
(૧૧) એકાદશગ્રંથ વ્યાખ્યા સંગ્રહ

### શ્રી પ્રેમ-ભુવનભાનુસૂરિજી સમુદાયના પૂ.આ.શ્રી મુક્તિવલ્લભસૂરિજી મ.સા.

(૧) શ્રી હૃદય પ્રદીપ છત્રીસી (રચના સં-૧૬૬૨) ટીકા-શ્રી મણિવિજયજી મ.સા.-સંશોધન-સંપાદન

### શ્રી ૐકારસૂરિજી સમુદાયના પૂ.શ્રી હ્રીંકારરત્નવિજયજી મ.સા.

(૧) કર્મ વિપાક યાને જંબૂપૃચ્છા રાસ - કર્તા - વીરવિજયજી
(૨) આણંદ શ્રાવક સંધિરાસ - કર્તા - શ્રી સારવિજયજી
(૩) ગજસુકુમાર રાસ
(૪) શ્રી શાંતિનાથ રાસ

### પૂ.રામચંદ્રસૂરિજી સમુદાયના પૂ.આ.શ્રી ચંદ્રભૂષણસૂરિજી મ.સા.ના શિષ્ય પૂ.રૈવતભૂષણવિજયજી દ્વારા

(૧) શ્રી બારસાસૂત્રમ્ - સચિત્ર - સંશોધિત
(૨) શ્રી બારસાસૂત્રમ્ - ચિત્ર સંશોધનમ્
(૩) ગણધર યુગપ્રધાન દેવવંદન (હિન્દી)

### સુશ્રાવક શ્રી કીરીટભાઇ કાંતિલાલ શાહ

(૧) ગજસુકુમાર ચોપાઇ - કર્તા નેમિકુંજર
(૨) મદનકુમાર રાસ - કર્તા ચતુરસાગર
(૩) પુણ્યપાલ ચરિત્ર - કર્તા હર્ષરત્નવિજયજી
(૪) વચ્છરાજ રાસ - કર્તા સત્યસાગરજી

નમ્ર વિનંતી :- આગામી અહો શ્રુતજ્ઞાનમ્ સુવર્ણ અંક-૫૦ શ્રુતવિશેષાંક તરીકે પુસ્તક રૂપે પ્રકાશિત થશે. પ્રાચીન શાસ્ત્ર ગ્રંથનો પરિચય, હસ્તપ્રત, સંશોધન, સંપાદન કરવા યોગ્ય માહિતી, વિશિષ્ટ ગ્રંથ કે કર્તા-ટીકાકાર વગેરે શ્રુતજ્ઞાનને લગતી માહિતી તેમજ શ્રુતજ્ઞાનના વિષયનો લેખ મોકલવા વિનંતી છે. આપનો લેખ તા.૧૫-૯-૨૦૧૯ પહેલા પોસ્ટ કે ઇમેઇલ થી મોકલવા વિનંતી છે.



# પુસ્તક લેખન અંગે વિચારણા

પૂજ્ય ગુરુભગવંતો દ્વારા તેમના વ્યાખ્યાન અને તેમના વિહાર દરમ્યાન સંસ્મરણો, નોટો, લેખો બનાવાતા હોય છે. અને ઘણા ગુરુભગવંતો તેમના વિશિષ્ટ ચિંતનો કે વાંચેલા ગ્રંથોના ઉત્તમ પદાર્થોના સંગ્રહ તેમની નોટબુકમાં કરતા હોય છે.


ખરેખર... આવી નોટબુકમાં રહેલ જ્ઞાન-ચિંતન-સંસ્મરણો ખૂબ જ ઉત્તમ હોય છે અને ભવિષ્યમાં તેમના શિષ્યો દ્વારા તેને મુદ્રિત કરીને પ્રકાશિત કરવામાં આવે છે. અને પ્રકાશક સંસ્થા દ્વારા ગુરુભગવંતો - જ્ઞાનભંડારોને ભેટ સ્વરુપે પણ મોકલવામાં આવે છે. છતાં પણ કાળના પ્રભાવે દરેકને સમયનો અભાવ હોવાથી આવા સાહિત્યનો વપરાશ / ઉપયોગ દિવસે દિવસે ઘટતો જાય છે.

સમર્થ પ્રવચનકાર, શાસનપ્રભાવક પૂજ્યોના પુસ્તકો પણ, આવા સુંદર સુવાક્ય સાથેના સારા વિચાર વ્યાખ્યાનના પુસ્તકો પણ મુદ્રિત કર્યા પછી સામાન્ય રીતે કોઇ ખરીદતું નથી, તેથી ભેટ સ્વરૂપે મોકલવામાં આવે છે. ભેટમાં આવેલ આવા પુસ્તક અથવા તો કાયમી મેમ્બરને મળતા આવા પુસ્તકો લાયબ્રેરીમાં / જ્ઞાનભંડારમાં મોકલી તેનો નિકાલ થતો હોય છે. પરંતુ જ્ઞાનભંડારમાં રાખેલ આવા પુસ્તકો ભાગ્યે જ ઇસ્યુ થતાં હોય છે. અને લાયબ્રેરીમાં ભેટમાં આવેલ ઘણાં પુસ્તકો ઉપર જે તે પુસ્તક જ્ઞાનખાતામાંથી ગુરુભગવંતને ભેટમાં મળેલ હોય છે. ત્યારે તેને સાચવવા તેમજ તેનો ઉપયોગ (યોગ્ય રીતે) કરવા અંગે મુંઝવણ થતી હોય છે.

સમર્થ પ્રવચનકાર / લેખક જ્યારે લોકભોગ્ય ભાષામાં કોઇ પ્રકરણ ગ્રંથ આધારિત પુસ્તક લખે અથવા તો પૂર્વના ચરિત્ર આધારિત વાર્તા કે ઉપદેશ સ્વરૂપે પુસ્તક લખે છે તેને ખૂબ જ સારી સફળતા મળે છે. માર્ગાનુસારીના કોઇ ગુણ કે સૂત્રોના વિવેચન, સ્તવન વિવેચન કે કોઇ પણ થીમ આધારિત જે પણ પુસ્તકો સરળ ભાષામાં લખેલાં હોય તો તેની શ્રાવક-શ્રાવિકાઓ તરફથી સારી ડીમાન્ડ રહે છે. ખરીદીને પણ લોકો વાંચે છે તેમ જ આવા થીમ આધારિત પુસ્તકો જ્ઞાનભંડારમાંથી સતત ઇશ્યુ પણ ગુરુભગવંતોને થતાં રહે છે. અને સાચા અર્થમાં ઉપયોગી બને છે. જે અમારા અનુભવથી સમજાયું છે.

**-: ઔચિત્ય :-**

જ્ઞાનખાતામાંથી પૂજ્ય સાધુ-સાધ્વીજી ભગવંતોને ઉપયોગી હોય તેવા સ્વાધ્યાય-અભ્યાસ વગેરેના જ પુસ્તકો છાપવા જોઇએ અને શ્રાવકો-શ્રાવિકાઓએ તેમજ બાળકોને ઉપયોગી હોય તેવા પુસ્તકો ફક્ત સાધારણમાંથી જ છાપવા જોઇએ. એવું પ્રાયઃ બધી જ સંસ્થાઓ માનતી હોય છે. અને તે પ્રમાણે વહીવટ પણ કરતાં હોય છે, ઘણી વખત સાધારણ ખાતામાંથી છપાયેલ પુસ્તક ગુરુભગવંતો અને જ્ઞાનભંડારો માટે ઉપયોગી હોય છે તો જેટલી સંખ્યામાં ગુરુભગવંતોને મોકલવાના હોય તેટલા પુસ્તકોની કિંમત પ્રમાણે જ્ઞાનખાતામાંથી રૂપિયા લઇને પૂજ્યોને અભ્યાસ માટે મોકલી શકાય છે. તેજ રીતે ભારતમાં આવેલ જ્ઞાનભંડારોને પણ મોકલી શકાય છે. દરેક પુસ્તક ઉપર જ્ઞાનખાતાનું સ્ટીકર કે રબ્બર સ્ટેમ્પ લગાવીને આ દોષમાંથી બચી શકાય છે. પરંતુ સાધારણમાંથી છપાયેલ શ્રાવકોપયોગી આવા પુસ્તકો જ્ઞાનખાતામાંથી મોકલાવતી વખતે વિવેક જરૂરી છે કે જે પણ પૂજ્યોને ઉપયોગી બનતા હોય તે મર્યાદિત સંખ્યામાં એટલે કે ૧૦ થી ૨૫% સુધી મોકલવા જોઇએ.



# પુસ્તક લેખન અંગે વિચારણા

જ્ઞાનખાતામાંથી છપાયેલ પુસ્તકો પણ ઘણી વખત શ્રાવકોપયોગી હોય તો તે શ્રાવકો ખરીદતા હોય છે. ત્યાં જે પણ પડતર કિંમત હોય તે જ પુસ્તક ઉપર છાપવી જોઇએ. અને વેચાણમાં આવેલ જે તે રકમ જ્ઞાનખાતામાં જમા કરવી જોઇએ અને તે રકમ ભવિષ્યમાં આવા સુંદર પુસ્તકોને પ્રિન્ટીંગ-પ્રકાશન માટે જ્ઞાનખાતાનો ઉપયોગ થઇ શકે છે.

ઘણી વખત જ્ઞાનખાતામાંથી છપાયેલ પુસ્તકોની નકલ ઘણી બધી વધારે હોય છે. ભારતનાં ટોટલ જ્ઞાનભંડાર કે ઉપયોગી પુસ્તકાલયોમાં તે ભેટ સ્વરૂપે મોકલ્યા પછી પણ ઘણી બધી નકલો સ્ટોકમાં રહેતી હોય છે. તે વધારાની નકલો જો ભણવા કે અભ્યાસ માટેનો ગ્રંથ હોય તો જ્યારે જ્યારે પૂજ્યો પાંચ કે દસના ગ્રુપમાં અભ્યાસ કરતાં હોય ત્યારે ઉપયોગી બનતા હોય છે.

પરંતુ કલ્પસૂત્ર, બારસાસૂત્ર, સુબોધિકાટીકા, ગૌતમસ્વામી રાસ, વગેરે વારંવાર રીપ્રીન્ટ થતાં હોવાથી જ્ઞાનભંડારોમાં જુદા જુદા સંપાદકોની ઘણી બધી નકલો સ્ટોકમાં હોય અને દર વર્ષે એક-બે નવી સંશોધિત કે રીપ્રીન્ટ થઇને પ્રકાશિત થાય છે. તેથી તેની વધારાની નિકાલ કરવાની સમસ્યા ઉભી થાય છે. અને સમસ્યા નિવારણ રૂપે ઉપલબ્ધ સરનામા મુજબ પાઠશાળા કે શિક્ષિકાના સરનામે પણ પોસ્ટ થતા હોય છે. જે જરા પણ વ્યાજબી નથી. આ જ્ઞાનખાતામાંથી છપાયેલ અને (Extra) વધારાની બિનજરૂરી પડી રહે છે.

તે ઉપરાંત નૂતન પ્રકાશિત પુસ્તકો/ગ્રંથોની યોગ્ય વ્યવસ્થા કરવી પણ જરૂરી છે. જેવી રીતે કે બાર પર્વની આરાધનાના પુસ્તકો, પૂજાવિધિના પુસ્તકો, કલ્પસૂત્ર, બારસાસૂત્ર, નવ સ્મરણ, શ્રીપાલ રાજાનો રાસ વગેરે, દરેક સંઘોમાં પર્વ પ્રસંગે આ પુસ્તકોની જરૂર પડે છે અને જે સંઘોમાં જ્ઞાનભંડાર નથી હોતો ત્યાં તેની એક નકલ પણ શોધવાથી મળતી નથી.

જે સંઘોમાં કાયમી જ્ઞાનભંડાર ન હોય તેવા સંઘોએ ઉપાશ્રય કે દેરાસરમાં એક કબાટમાં ૨૫ થી ૩૦ આવા ઉપયોગી પુસ્તકો અચૂક રાખવા જોઇએ. આપણા બધાં જ તીર્થોમાં પણ એક જ કબાટમાં આવા જરૂરી વિધિ/પર્વ આરાધના માટેના તેમજ સૂત્રો અને અર્થ, પૂજા વિધિ વગેરેના પુસ્તકો રાખવા જોઇએ અને આવા નાના નાના સંઘો કે તીર્થોમાં આવા વધારાના પુસ્તકો વિવેકપૂર્ણ રીતે મોકલવાથી સુંદર કાર્ય થઇ શકે છે.

ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને કાર્યકરોએ પણ આ કાર્ય માટે ઉચિત વિવેક જાળવવો જરૂરી છે. જેમ કરણ, કરાવણ અને અનુમોદન દ્વારા સારા કાર્યનું પુણ્ય મળે છે. તે જ રીતે કાર્ય પદ્ધતિની ભૂલને કારણે જાણતા અજાણતા જે કાંઇ પણ દોષ લાગે તેમાં જે તે સંસ્થામાં રહેલ બધાં જ ટ્રસ્ટી કે કાર્યકરોને દોષ લાગતો હોય છે. પ્રેરણાદાતા ગુરુભગવંતો યોગ્ય માર્ગદર્શન આપતા હોય છે. પરંતુ પોતાના વિવેકનો ઉપયોગ કરીને બિનજરૂરી દોષમાંથી બચવું જરૂરી છે.




# શ્રુતવિશ્વમાં નવલું નઝરાણું

**ચરમ કેવલી :-** અધ્યાત્મયોગી પૂ. આ. શ્રી કલાપૂર્ણસૂરિજી મ. સા. ના સમુદાયવર્તિ પૂ. આ. શ્રી તીર્થભદ્રસૂરિજી મ. સા. દ્વારા અંતિમકેવલી શ્રી જંબુસ્વામીનું ચરિત્ર પાંચ ભાગમાં ચેન્નાઇમાં ભવ્ય સમારોહમાં લોકાર્પણ કરવામાં આવેલ છે. ખરતરગચ્છ, અચલગચ્છ અને તપાગચ્છના પૂર્વાચાર્યો દ્વારા રચિત આજ સુધી અપ્રગટ જુદા જુદા ૪૬ રાસોની હસ્તપ્રતોના સંશોધન-સંપાદન કરવામાં આવેલ છે. અને કનકસૂરિજી પ્રાચીન ગ્રંથમાળા દ્વારા પ્રકાશિત કરવામાં આવેલ છે.

## જ્ઞાનભંડારોના સંચાલકો માટે - પ્રકાશકો માટે ઉપયોગી માહિતી

શ્રમણ સંમેલન (સં-૨૦૭૨) ની પ્રવર સમિતિ દ્વારા પ.પૂ. આ. શ્રી મુનિચંદ્રસૂરીશ્વરજી મ. સા. ના નેતૃત્વમાં જ્ઞાનભંડાર માટે શ્રમણ ભગવંતોની સમિતિ બનાવવામાં આવી હતી. અને તેઓ દ્વારા પંડિતવર્ય શ્રી જીતેન્દ્રભાઇ શાહના નેતૃત્વમાં શ્રાવકોની સમિતિ પણ નિયુક્ત કરવામાં આવી હતી. પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં આ સમિતિ દ્વારા ઘણી બધી મીટીંગો અને ચર્ચા વિચારણાને અંતે પહેલાં તબક્કામાં બે કાર્યો કરવામાં આવ્યા છે.

(૧) પૂજ્ય ગુરુભગવંતના માર્ગદર્શન મુજબ અમદાવાદના બધા જ જ્ઞાનભંડારોમાં રહેલ પુસ્તકો-પ્રતોની યાદીને એક જ સોફ્ટવેરમાં એન્ટ્રી કરીને ઉપલબ્ધ બનાવવામાં આવી છે. પૂજ્ય શ્રમણ-શ્રમણી ભગવંતોને તેમના સ્વાધ્યાય-અભ્યાસ-રેફરન્સ માટે જરૂરી પુસ્તકો ક્યા જ્ઞાનભંડારમાં છે તેની માહિતી સહેલાઇથી મળી શકે તે માટે શરૂઆતમાં અમદાવાદના ૧૫ જ્ઞાનભંડારોમાં રહેલ ૧,૩૦,૦૦૦ પુસ્તકોની માહિતી www.gyanbhandars.in ઉપર મુકવામાં આવી છે. જે પણ જ્ઞાનભંડારોને આમાં જોડાવું હોય તેમને પોતાનો ડેટા મોકલવા વિનંતી...

(૨) JSBN :- જૈન પ્રકાશકો દ્વારા પ્રકાશિત બધા જ નૂતન પ્રકાશન માટે યુનિક આઇડેન્ટીટી નંબર ઇસ્યુ કરવા માટે JSBN ના માળખાનું સોફ્ટવેર પણ બનાવવામાં આવેલ છે. જે www.jsbn.in ની વેબસાઇટ ઉપરથી ટુંક જ સમયમાં કાર્યરત થઇ જશે અને બધાં જ પ્રકાશકોને પોતાના પ્રકાશનમાં આ નંબર લઇને તેમના પુસ્તકની પાછળ છાપવા વિનંતી છે. જેના લીધે ગ્રંથની માહિતી એક સરખા ફોર્મેટમાં દરેક જ્ઞાનભંડારમાં નોંધવા માટે ઉપયોગી બનશે તેમજ પુસ્તક સહેલાઇથી web ઉપરથી સર્ચ કરી શકાશે. તપોવન સંસ્કાર પીઠ - અમદાવાદ અને તપોવન સંસ્કાર ધામ - નવસારી બંન્ને જ્ઞાનભંડારના પુસ્તકો મોબાઇલમાં Tapovangyan Bhandar ની Application ડાઉનલોડ કરીને સર્ચ કરી શકાશે અથવા www.liy/gyanbhandar ની વેબસાઇટ ઉપર પણ ઉપલબ્ધ છે.

અહો ! શ્રુતજ્ઞાનમ્

Printed Matter BookPosted 114(7)
U/C, 5A P & T Guide hence not be taxed

Rs. 1
Ticket

પ્રકાશક :
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાન ભંડાર
શા. વિમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫.
મો : ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩
E-mail : ahoshrut.bs@gmail.com
Website : www.ahoshrut.org